| | |
|---|---|
| દાખલ તારીખ | : ૦૪/૧૧/૨૦૨૫ |
| રજીસ્ટર તારીખ | : ૦૪/૧૧/૨૦૨૫ |
| ફેસલ તારીખ | : ૨૦/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | : વર્ષ ૦૦ મહિના ૦૪ દિવસ ૧૬ |

सत्यमेव जयते

## બરવાળાના મહેરબાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુકામ–બરવાળા, જીલ્લો–બોટાદ

**ફોજદારી કેસ નંબર–૪૨૭/૨૦૨૫**

**આંક :**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** :– અરવિંદભાઈ ઉર્ફે ભુરો છનાભાઈ ગોરાહવા,
ઉ.વ. ૪૨, ધંધો. મજુરી,
રહે. ચોકડી,
તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ.

## ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ – ૬૫ (એ)(એ)

શ્રી કોર્ટ જાતે : વિ.એ.પી.પી.શ્રી ફરિયાદ પક્ષ તરફે
શ્રી પી.એમ.રાઠોડ : વિ.વકીલશ્રી આરોપી તરફે

## –: ચુ કા દો :–

૧. ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તારીખ ૦૯/૦૮/૨૦૨૪ ના કલાક ૧૯/૦૦ વાગ્યે થાણાથી પુર્વે ૧૬ કિ.મી દુર અંકેવાળીયાના નાળા પાસે તાલુકો– બરવાળા, જીલ્લો–બોટાદ આ કામના આરોપીએ ગેર કાયદેસર અને વગર પાસ પરમીટનો દેશી દારૂ લીટર ૧૫ કિંમત રૂપિયા ૩૦૦/– પ્લાસ્ટિકના કેન નંગ ૦૩ સાથે પકડાઈ જઈ, તે કામે પોલીસ

ધ્વારા તપાસ કરતાં હાલના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા આ ગુનાનુ ચાર્જશીટ આ કોર્ટ સમક્ષ પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એ)(એ) મુજબનાં ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.** ચાર્જશીટ દાખલ થતાં આરોપીને સમન્સ કરવામાં આવેલો. જે સમન્સ બજી જતાં આરોપીએ તેમનાં વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલા છે. આરોપી હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામાં આવ્યા બાદ આંક–૪ થી તહોમતનામું ફરમાવી અને આંક–૫ થી પ્લી લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૩.** ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ છે.

## :: મૌખિક પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૬ | **ફરીયાદી** યશપાલસિંહ જગદીશસિંહ ગોહિલ ની જુબાની |
| ૨ | ૧૪ | **પંચ** હકીમભાઈ સિકંદરભાઈ દીવાન ની જુબાની |
| ૩ | ૧૬ | **પંચ** ભગવાનભાઈ ભુદરભાઈ પરમાર ની જુબાની |

## :: દસ્તાવેજી પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭ | ફરીયાદ |
| ૨ | ૧૫ | પંચનામું |

**૪.** ફરીયાદ પક્ષ તરફથી ઉપરોકત પુરાવા સિવાય અન્ય પુરાવા રજુ થયેલા નથી. ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપીનું વિશેષ નિવેદન નોધેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી પક્ષે વિ. વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી.

**૫.** ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલા પુરાવા ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –ઃ મુ દ્દા ઓ ઃ–

(૧) શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તારીખ ૦૯/૦૮/૨૦૨૪ ના કલાક ૧૯/૦૦ વાગ્યે થાણાથી પુર્વે ૧૬ કિ.મી દુર અંકેવાળીયાના નાળા પાસે તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ આ કામના આરોપીએ ગેર કાયદેસર અને વગર પાસ પરમીટનો દેશી દારૂ લીટર ૧૫ કિંમત રૂપિયા ૩૦૦/– પ્લાસ્ટિકના કેન નંગ ૦૩ સાથે પકડાઈ જઈ, પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ (એ)(એ) મુજબનો ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## – કા ર ણો –

## – પુરાવાનું મુલ્યાંકન –

### મુદ્દા નં.૧ અને ૨

**૭.** આ કામે આરોપી વિરૂદ્ધ ગુનો પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષ દ્વારા ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ની કલમ ૧૦૪ થી ૧૦૬ મુજબ ઉપર નોંધ્યા મુજબ મૌખક અને લેખિત પુરાવો રજુ કરેલ છે.

**૮.** ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ પંચોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને પંચનામામાં તેઓની માત્ર સહી

ઓળખી બતાવેલ છે. ફરીયાદપક્ષે પંચો ને ફરી ગયેલા જાહેર કરી ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ તળે તપાસવામાં આવેલ છે. પરંતુ તે તપાસ દરમિયાન પણ કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ ઉપર નોંધાયેલ નથી.

૯. ફરીયાદપક્ષ દ્વારા ફરીયાદી **યશપાલસિંહ જગદીશસિંહ ગોહિલ** ના ઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની તપાસને અનુરૂપ પુરાવો તેમની સરતપાસ દરમિયાન આપેલ છે. તેમજ આંક –૭ વાળી ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. તેઓએ ઉલટતપાસ દરમિયાન એ હકીકત ખરી હોવાનું કબુલ રાખેલ છે કે, ફરીયાદમાં વાહનનો નંબર લખેલ નથી. મુદામાલ બાવળની કાંટમાંથી પકડેલ છે. કહેવાતા સ્થળ પર કોઈ પણ વ્યકિત વસ્તુ લાવી તથા લઈ જઈ શકે.

**૧૦.** આમ, આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પ્રથમ પંચનામુ થયેલ છે અને ત્યારબાદ ફરીયાદ નોંધવામાં આવેલ છે. પરંતુ આંક –૭ વાળી ફરીયાદમાં ફરીયાદી દ્વારા પંચોના નામ, ઉંમર અને સરનામુ જણાવેલ નથી. આ કામે કહેવાતો મુદ્દામાલ પ્રોહીબીશનનાં કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ પદાર્થ હતો તે સાબિત કરવા સારૂ કોઈ એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ નથી. આ કામે પંચ સાહેદો દ્વારા પંચનામાની હકીકતને સમર્થન આપવામાં આવેલ નથી તથા આ કામે કોઈ અન્ય તટસ્થ સાહેદોને તપાસવામાં આવેલ નથી. ચાર્જશીટ ધ્યાને લેતાં તપાસ કરનાર અમલદાર દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ હોય તેવું જણાઈ આવતું નથી. તેમજ બનાવના દિવસે આરોપીએ જ મુદ્દામાલ પોતાના કબજામાં રાખેલ હતો તે હકીકત પુરવાર થતી નથી. આ કામે રજુ થયેલ તમામ પુરાવો સ્વતંત્ર રીતે અને એકી સાથે મુલવતાં પુરાવામાં ઉભી થયેલી શંકાઓ દુર થતી નથી અને જે સંજોગોમાં ફરીયાદપક્ષનો પુરાવો સંપૂર્ણ સુર્દઢ અને આધાર રાખી શકાય તેવો વિશ્વસનીય જણાતો નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધ આક્ષેપિત ગુનો શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ જાય છે. જેથી **મુદ્દા નંબર–૧ નો**

**જવાબ નકારમાં** આપી **મુદ્દા નંબર–૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ** કરવામાં આવે છે.

## – હુ ક મ –

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે આ કામના **આરોપી અરવિંદભાઈ ઉર્ફે ભુરો છનાભાઈ ગોરાહવા,** ઉ.વ. ૪૨, ધંધો. મજુરી, રહે. ચોકડી, તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ ને **પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ)** મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે મુદ્દામાલ પાવતી મુજબના **મુદ્દામાલ દારુ** નો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ભારતિય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે, આરોપીને જામીન આપેલ હોય તો તે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે, અન્યથા રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન આપવા.

આ હુકમ આજ તારીખ:૨૦મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ નારોજ બરવાળા મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૨૦/૦૩/૨૦૨૬<br>બરવાળા. | ( નિતેશ કિશોરભાઇ નાચરે)<br>જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસ<br>બરવાળા, જીલ્લો–બોટાદ<br>યુનિક જજ કોડ–જીજે ૦૧૪૫૧ |